શ્રી નવિન

ઊમંગશીંહ-રાજશીંહ નાટકનાં ગાયનો.

ત્રીઅંકી.

રચનાર
પંડયા ભુલાખી રણછોડ ડાકોરના.
અધ્યારૂ મગનલાલ શીવરામ ડાકોરના.

છપાવી પ્રસિદ્ધ કરનાર,
બુકસેલર મગનલાલ ત્રીભોવન ડાકોરના.

અમદાવાદ.
દાણાપીઠમાં "ગુજરાત ગેઝેટ" પ્રેસમાં
ઠક્કર ચેતરામ છગનલાલે છાપ્યું.

સંવત ૧૯૫૧ સને ૧૮૯૪

કીંમત ૦-૨-૦

શ્રી નવિન

ઊમંગશીંહ-રાજશીંહ

નાટકનાં ગાયનો.

ત્રીઅંકી.

રચનાર

પંડ્યા બુલાખી રણછોડ ડાકોરના.

અક્યારૂ મગનલાલ શીવરામ ડાકોરના.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

બુકસેલર મગનલાલ ત્રીભોવન ડાકોરના.

અમદાવાદ.

હાજુપીરમાં "ગુજરાત ગેઝેટ" પ્રેસમાં

ઠક્કર ચેતરામ હરીલાલે છાપ્યું.

સંવત ૧૯૫૦ સને ૧૮૯૪

કીંમત ૦-૨-૦

૫૯૩૫

પાત્રજન.

સુત્રધાર…………નાટકાચાર્ય.

વિદુશક…………મશ્કરો.

નટી…………સુત્રધારની સ્ત્રી.

ઉદયશીંહ…………માળવાનો રાજા.

પ્રધાન…………ઉદયશીંહનો.

ઊમંગશીંહ }
રાજશીંહ. } …………ઉદયશીંહના પુત્રો

કાન્તા…………નગરશેઠની પુત્રી.

નગરશેઠ…………માળવાનો.

કમળા…………ઉદયશીંહની રાણી.

જોગીઓ…………વનવાસી.

ચંપકસેન…………રૂમાવતીનો રાજા.

પ્રધાન…………ચંપકસેનનો.

વીજયા…………ચંપકસેનની પુત્રી.

સાહેલીઓ…………વીજયાની.

લુટારા…………લુટનાર.

નગરવાશી…………રૂમાવતીના.

શ્રી નવિન

ઊમંગશીંહ-રાજશીંહનું

સંગીત નાટક.

સુત્રધાર— શાર્દૂલવિક્રીડિત છંદ.

જોડું હું જગનાથ હાથ બન્ને, આપો મતી સુધ્યરે,
જેથી જાય વિઘન દૂર સૌનાં, વાધે અતી બુધ્યરે;
નાટક આપ સમક્ષ આજ ભજવું, આનંદકારી અતી,
આવે નહીં કંઈ આળ પાત્ર જનને એવી ખીલાવો કૃતી.

વિદુષક—(પ્રવેશ કરીને). ગીતિ.

વિચીત્ર વેશ ધરીને, આવ્યો મુજને કામ બતાવોને;
ખુશી થાઉં મનમાં હું, શંકા મુજ મન તણી પતાવોને.

સુત્રધાર—મહીમાવંતા બન્ને, ઉમંગશીંહને રાજશીંહ ભાઈ;
ઇશ્વરની ઇચ્છાથી, નાટક તેનું કરવું છે આહીં.
ખપ પડશે બહુ તારો, માટે તુજને આજ્ઞા આપુંછું;
હાસ્ય વિનોદી તુંછે, મુખ્ય તરીકે તુજને સ્થાપુંછું.

નટી-- (જય જય સુધ્ય બુધ્ય તાહરી) એ રાગ.

જય જય પ્રભુ શીરનામું,
દરસનથી દુઃખ વામું;
છો દિન દયાળ, વંદે વિનયથી બાળ; દરસન. જય જય૦
પ્રણતપાલ પરમેશ્વર તુજને વંદુ નામિ સીશ.
પુરો મનના મનોરથ, નથિ અમોને ગત.

ભયહર–વિભુવર–જયકર–જેથી રમું રમું,

સરવ ગમું હું નમું પુર મનનન, દાન–દાન–દાન.દૈ. જયજય.

સર્વપાત્રો—(કરતા ધરતા જગ સરવેના પ્યારા)એ રાગ.

રણછોડ કોડ પુર સરવેના, કાપો કુમતી અને.

નવિન નાટય આ અર્પણ કરીએ, નથી રતી મતિને ગતિરે. કાપો .રણ૦

ડંકપુરને દ્વારા કીધી, કળી શકે ન કોઇ કૃતીરે. કાપો રણ૦

ઊદયશીંહના પુત્રો બન્ને, કરૂ બયાન અલ્પમતિરે. કાપો રણ૦

પ્રવેશ ૧ લો.

સ્થળ રાજ્ય—કચેરી.

ઊદયશીંહ—(હમતો આશક હે તેરે) એ રાગ.

કહોને સચિવ મારા, રાજ્ય વિષે સાર મુને.

જેથી સુખ થાય દુઃખ, જાય કહો યાર મુને. કહો.

પ્રજા સૌ મારી તણો, ન્યાય કરૂં મગ્ન થઇ;

કદાપી પીડાય પ્રજા, મારી થાય દુઃખ મુને. કહો.

પ્રધાન—(પ્રીય પ્રતાપશીંહ પવિત્ર સધ્ય સાવધ થજોરે) રાગ

સુણો માળવાના મહિપાળ, હકીકત રાજ્યતીરે;

સત્ય ધર્મમાં પ્રજા સહુ છે, હુન્નર વિદ્યા બહુ બહુ છે;

આનંદે દિન જાય કૃપા સૌ આપનીરે. સુણો રાજ્ય.

હુન્નરશાળા, માંહી સુધારા, વિદ્યાભ્યાસ કરેછે બાળા.

પતિવૃતા છે સર્વ નગરની નાજનીરે. સુણો.

બારોટ—(પ્રવેશ કરીને). **કવિત.**

માળવકે મહીપાલ, રંકકુ કરત ન્યાલ;

દિનકો દયાળ લાલ, માળવમેં જાયો હે.

પ્રજાકી કરત વાર, દંડ દુ કેઃ દેનાર;

એસો ભુપ હે દયાળ, ગુણુ મેને ગાયો હે.
પ્રજા સુખ બોત પાવે, દુશમન ફ્ટ જાવે;
રંક મીત્ર એક ભાવે, ન્યાય પુર્ણુ પાયો હે.
નહી કુચ પક્ષપાત, એક ન્યાય એક બાત;
બીદેશમે ચલી ખ્યાત, નામ સુણુ આયો હે.

ઊદયશીંહ— **ગીતિ.**

વખાણુ આપ કરો છો, એવી યોગ્યતા કયાંથી મારામાં;
ક્ષત્રી ધર્મ સાચવવો, એવું કહ્યું છે શાસ્ત્ર સુધારામાં.

ઊદયશીંહ—(પ્રધાનને) **ગજલ.**

અહો પ્રધાન આજ થયો ખુશી હું અપાર,
ઇનામમાં બારોટને આપો ને ગામ ચાર. અહો.
સાલ કડાં આપી કરો ખુશી એમને,
જેથી થાય સરવે દુઃખ એમનાં ફ્ને. અહો.

પ્રવેશ ૨ જો.

સ્થળ—રાજ્યમહેલ.

રાજશીંહ— **લાવણી.**

ચાલોને જઇએ બાત આજ ફરવાને,
ઘણા દીવસ થયાછે અરે સેલ કરવાને;
થયો વખત ઘણો આ વાર કરો તૈયારી,
જઇએ ઝટ ચાલો આજ ચાલતી સ્વારી.

ઊમંગશીંહ—

(સુરા સામંતો સાવધ થઇને ઝટપટ અહીંથી) એ રાગ.

ચાલો બંધુ સત્વર જઇએ સમી સાંજનો વખ્ત થયો;
પાછા ફરતાં વારજ થાશે જુવો સુર્ય આ અસ્ત થયો.

ચાલતા જવું છે માટે પાસે રાખો હથીયાર;
તાકીદેથી ચાલો થાય વિલંબ અપાર;
તમે ધ્યો જમૈયો મારી પાસે છે કટાર. ચાલતા.ચાલોબંધુ.
(જાય છે)

પ્રવેશ ૩ જો.

સ્થળ—બાગ.

ઊમંગશીંહ— શાર્દૂલવિક્રીડિત છંદ.

ખીલ્યો આ નવરંગ બાગ દીલથી, લાગે સુસોભીત ખરો,
વેલો સુંદર પુષ્પ આ નવિન છે, કેવો વહે આ ઝરો;
કેતકી માલતી મોધરો બહુ ખીલ્યો, જાઇ જુઇ કેવડો.
ચંપોને ચંબેલી ગુલગોટા, ગુલાબ સૌથી વડો.

રાજશીંહ— ગીતી.

કેવો આ ફુવારો, સોભીતો દીસેછે પાણીથી;
શુક કોકીલ ચાતકની, થાએ ખુશ દીલ નીરમળ વાણીથી.

(એટલામાં નગરશેઠની પુત્રી કાન્તા પાણી ભરવાને માટે જાયછે)

ઊમંગશીંહ— ગીતી.

કોણ તણી આ કન્યા, હસે કુંવારી કે પરણેલી એ,
ભર જુવાની ખીલી, રતી રૂપથી ભરેલી દીસે છે;
(તેનો છેડો પકડે છે)

કાન્તા-(કોના હુકમથી સમસેર એપર ચલાવી) એ રાગ.

કેમ પકડયો છે છેડો મારો ઓળખ્યા વિના,
માઠું થાશે મુજ તાત જાણશે બીના. કેમ.
રાજ્ય પુત્ર થઇ તમે પીડોછો પ્રજાને જ્યારે,
પ્રજા કહાં જઈ કહે દુઃખની સીમા. કેમ૦

ઊમંગશીંહ— **સ્વરાગ.**

તને કહું એટલું માનરે જીવજાન;
આલીંઘનનું દે દાનરે પ્રીય પ્રાણ,
આપુ હું તુને માન.

કાન્તા—ચુપ ચુપ,
ઊમંગ૦—વીચાર લગાર પ્રાણ,
કાન્તા—હુડધુત.
ઊમંગ૦—નહીતો થાશે તુજ હાણરે,
કાન્તા—દુર દુર.

કાન્તા— **(હું છેક બની લાચારરે) એ રાગ.**

કરૂં વીનંતી હું વારરે (૨) કૃપા કરીને મુને જવાદો
અબળા હું નીરાધાર, અરે હાય, હાય, હાયરે.
કરૂ વીનંતી હું વારરે.
કરૂ વિનંતી આપને, મુકો મુજને આજ,
જાણે પીતા માહયરો, જાણુ કરે જઈ રાજ;
દુખ થય, દિલ માંય–અરે હાયરે કરૂ.

ઊમંગશીંહ— **સ્વરાગ.**

જરામાન, જરામાન, દીલેજાનરે, જરામાન.

કાન્તા—રે હેવાન, છોડી ભાન, તજી સાન, રે નાદાન, જાસે જાનરે
ઊમંગ૦—જરામાન કહ્યું માન એકવાર.
કાન્તા—પીટયા તુજ મુખ બાળ,
ઊમંગ૦—આળ કોણ તુ દેનાર.
કાન્તા—ધીક દુર થા ગુમાર,
ઊમંગ૦—કરૂ વિનંતી તે ધર ધ્યાનરે. જરામાન.

(નાશી જાય છે)

પ્રવેશ ૪ થો.

સ્થળ—નગરશેઠનું ઘર.

કાન્તા— **રાગ સીતાજીના મહિનાનો.**

સીર છત્રરે પરમ પવિત્ર, પીતાજી માહરા;
લીધી રાજકુંવરે મારી લાજ, કહું બોલ સૌ ખરા,
છેડો પકડી ઊભી રાખી ત્યાંય, મને બહુ વારથી;
દીધી દસ વિસ તમને ગાળ અધિક ધિક્કારથી, સીર.

નગરસેઠ—(ધન્ય કીરતી લુટી આવ્યાજી રણે) એ રાગ.

શાન્ત થા તું પ્યારી મારી દીકરી,
સુણી તારી દાદ આંસુથી ભરી. શાન્ત.
જાઊં આજે રાય પાસે હું અરે,
કહીસ આજે જે બની વિનતી કરી. શાન્ત.

(જાય છે)

પ્રવેશ ૫ મો.

સ્થળ—રાજ્યકચેરી.

નગરશેઠ- (દેખી તેરી વફાદારી) એ રાગ.

સુણો રાય અરજ મારી, કેહેતાં આવે છે લાચારી. સુણો.
પુત્રી મારી ગઇ પનઘટપર પાણી ભરવા માટે;
કુંવર મળ્યા વાટે, બોલ્યા મુખ ફાટે; દીધી બહુ ગારી.સુણો.
માટે કુંવરને ના શીક્ષા દેતો નહી રહીએ આ નગરમાં;
પ્રીતે આ પુરમાં, લાંછન લાગે કુળમાં, મુકે નાત બારી.સુણો.

ઊદયશીંહ- **ગીતિ.**

બોલાવો તમ બાળા, પુછું તેને સઘળું મુજ આગે;

માટે મિત્રે જાઓ, શંકા મુજ મનતણી આજ ભાગે.(જાયછે)
કપુત નીકળ્યા ક્યાંથી, નામ લજાવ્યું જગત વિષે મારૂ
થાય દુર જો અહીંથી, દુરટો મુખ લેઈ આપતણું કાળું.
(કાન્તા તથા નગરશેઠ આવેછે)

સોરઠો.

બાળા મુખથી બોલ, કુંવરે કૃત કેવું કર્યું;
કરી હું મનમાં તોલ, મારૂ પાપી પુત્રને.

કાન્તા— **લાવણી.**

સુણો કહુંછું મુજ વૃત્તાંત, પીતાજી જાણી;
સમીસંધ્યાએ હું, ભરવા ગઈ હતી પાણી.
હતા કુંવર બાગની માંહી, ગમત કરતાતા;
આજુબાજુ જોવા માટે ફરતાતા.
દેખીને મુજને, આવ્યા મારી પાસે;
પકડયું ત્યાં મારૂ ચિર, ઉમંગે હાસે.
કહ્યું થા મારે સ્વાધિન પ્રેમદા પ્યારી;
નહિ તો થાશે તુજ દેહ તણી ખુવારી.
શું ચાલે મારૂ જોર પીતાજી પ્યારા;
એટલો મુજ હેવાલ કહુ દિનદારા.

ઉદયશીંહ— **ક્ષત્રી કલંક.**

ક્યાં ગયા પુત્ર પાપી ચંડાળ, બન્નેને હુંતો ઠાર કરૂ રે;
કરો હાજર લગાડો ન વાર. બન્નેને૦
થયા મફતનું ખાઇને હરામ. બન્નેને૦
બોળ્યું નગર બધામાં મારૂં નામ. બન્નેને૦
મારી પ્રજા વર્તે છે મારો ન્યાય. બન્નેને૦
કેમ અંામનાથી ઉલટું ચલાય. બન્નેયે૦

(એટલામાં બંને કુંવરો આવેછે.)

ઉદયશીંહ—(નીરબળ શત્રુ સબળ રાજ્ય પર)

ધીક ધીક પાપી જાઓ અહીંથી નામ લજાવ્યું છે મારૂં;
નથી કામ મુજ રાજમહી મમ નામ ઉપર પાણી વાળ્યું.
જાઓ જાઓ તમે ઝટ મુજ રાજથકી બાર;
કાળુ મુખ લેઇ જાઓ આ સમે મુજ કાળ,
લાગે બાળહત્યા મુને નહી તો મારૂ ઠાર. જાઓ. ધીક,

ઉમંગટ—તથા રાજશીંહ—(રાગ સીતાજીના મહિના.)

કરો ક્ષમા અમારો દોષ, પિતાજી પ્રભુ સમા;
શીદ લાવોછો દિનપર રોષ, ધરો દયા દિલમાં.
કરી વણીક સુતાએ વાત પીતાજીને ખરી,
કદી છોરૂ કછોરૂ થાય વડીલ કરે તે પરી;
માટે માફ કરો એકવાર દયા દાખો દિલમાં.
નથી બુદ્ધી હમોને લગાર ગણઇએ અસીલમાં.

ઉદય શીંહ— (થા સુરવીર ધરી ધીર તું તૈયાર)

થાવો તૈયાર જાઓ વનમાં આનીવાર,
કામ કરી અણઘટતું ઉલટા થાવો છો લાચાર;-થાવો.
લગાડો નહી વાર, નહી તો મારૂ ઠાર,
શાણા સરદારો કાડો નગરની બાર. થાવો.

(બન્નેને દેશ નીકાલ કરે છે)

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—રાણીવાશ.

કમળા- **રાગ મેવાડો.**

સુણ દાસી મારી વાતરે, આવાર કહું તને;

થાય દિલમાં અતિ ઉચાટરે, બહુ માન શુકન મુને.
જાણે પુત્રો મારા ચાલ્યા મુકીને ઘરબાર;
માટે જાજો કુંવર કયાં છે લગાડીશ નહી વારરે. આ.
કુંવર મારા પ્રાણથી પ્યારા ન્યારા જો હુંથી થાય.
દાસી તુજને સાચું કહું જીવ અમારો જાય.–આવાર.
(એટલામાં કુંવરો આવે છે)

કમળા— (વીરા વેસ્યાના યારી) એ રાગ.

મુજ આંખ્યોના તારા, હે પ્રીય પ્યારા, કેમ છે દીલ ઉદાશ
કહો કુંવર મારા, કયમ દુખિઆરા, આંખ્યોના તારા. કેમછે.
મારા સમજો સાચુ ના કહોતો, ઉદાસીનું વૃત્તાંત,
દુખમાંથી મને મુક્ત કરીને, ભાઇ ભાગોને ભ્રાંત;
પામુ સુખ હું પ્યારા, કુંવર મારા, આંખ્યોના તારા. કેમ.

ઊમંગ૦ તથા રાજ૦—(પ્રીતેથી નામી તને) એ રાગ.

સુણો માતાજી કહીએ નામીને તમને,
જઇશું વન–જઇશું વન–જઇશું વન–જઇશું વન.

કમળા—હાય-હાય-હાય-હાય.

ઊ૦ રા૦—સુણો માતાજી૦

રા૦—પાળવા પીતુ વચન, જઇશું માતાજી વંન, ચીંતા નહી
કરો મન, મળીશું કોઇક દન;

ઊ૦—દીઓ રજા માત મારી, થાએ સૌ સુખકારી,
હીમત ન જાઓ હારી, ધૈર્ય ધરો માત મારી;

કમળા—હાય-હાય-હાય-હાય.

ઊ૦ રા૦—સુણો માતાજી કહીએ.

કમળા— (ભેખરે ઉતારો રાજા ભરથરી.)

પ્યારા મારારે રાજયસીંહજી, કેમ જવાસે વંનજી,

દુખીઆરી માને છાંડો નહીં, મારા લાડકડા તનજી;
ઉ૦ રા૦—ધૈર્ય ધરો મારી માવડી.
ઉ૦—વાહલી માતા સોક નહી કરો, કરો નહીં કલ્પાંતજી,
પીતુરે વચન પ્રીતે પાળશું. થાઓને માડી શાંતજી;
કમળ—(કહુંરે માને મારા લાડકા.)
પીતારે તારાને હું જઈ કહું. માને જો મારી વાતજી;
કહુંરે માને નહી માહરૂ, કરૂ દેહની ઘાતજી;
ઉ૦ રા૦—(ધૈર્ય ધરો મારી માવડી.)
થવાની વાતતે થઇ ગઇ, હવે મીથ્યા ન થાયજી,
આજ્ઞા આપો મા ઉતાવળાં, ક્ષત્રીવટ ભાગી જાયજી.
કમળા—(કહુંરે માનો મારા લાડકા.)
ઉ૦ રા૦—વનમાં જાસું માતા માહરી, લખ્યું મીથ્યા ન થાયજી;
માટે રજા સત્વર દિઓ, આપો આશિશ માયજી;
ધૈર્ય ધરો મારી માવડી. (જાયછે.)

अंक बीजो.

પ્રવેશ ૧ લો.

સ્થળ—જંગલ.

રાજયશીંહ— **ગીતી.**
તૃશા પિડેછે પ્યારા, માટે મુજને પાણી પાવોને;
નહીતો જીવ આ જાશે, માટે ભ્રાતા ઝટપટ જાવોને
ઉમંગશીંહ.— **અનજારો.**
પાવું પાણી તુજને પ્યારા, ધીર ધાર તું બંધુ મારા.
આ વિકટ જંગલ તો છે, દીસતો નથી કયાં રસ્તો છે રે;

થયા માત તાતથી ન્યારા, ધીર ધાર તુ બંધુ મારા.
પ્રભુ દુઃખ દિએ તે સહેવું, દશા આગળ દિન થઇ રહેવું રે;
નથી ઉપાય બીજો પ્યારા, ધીર ધાર તું બંધુ મારા.

પ્રવેશ ૨ જો.

સ્થળ—જંગલ.

ઊમંગશીંહ— (દીલદારી કીનીરે) એ રાગ.

નથી જડતું પાણીરે, બહુ ભટક્યો વનમાં. નથી.
ભ્રાત વાટ જોઇને બેઠો, હશે અરે ત્યાં મારી તેતો;
પ્રભુને-વિભુને-શું કહું, લાવ્યો અહીં તાણીરે. નથી૦
શીંહ સ:દથી અંતર ભડકે, થડકે હૃદય અરે આ વારે;
બહુછે-પસુરે-અહીંરે, અતિ ભયંકર વાણીરે. નથી૦

(એટલામાં એક સાપ કરડે છે.)

ઊમંગશીંહ— ગીતિ.

હાય હવે શું કરૂં હું, ડશીઓ મુજને વિપધર આ વારે;
પડયો વિખુટો રણમાં, ટળવળશે મુજ ભ્રાત નીરાધારે.

ઊંમંગશીંહ— ત્રીતાલી ચોપાઇ.

હાય હાય આ જીવ સુંથાએ, તન બળીબળી ખાખજ થાએ;
પ્રભુ દુખીઆને દુખ દેછે, દયાહિન અરે તું પ્રભુ છે;
પ્રભુ વિનતું હું નીરાધાર, મારા બંધુને લેજો સંભાળ;
મુજ વિના અરે ટળવળશે, એકલો એ અરણ્યમાં શું કરશે;
તુને સોંપુંછું અશરણ શરણ, હે જે સંભાળરે માત ધરણ.

(બેશુદ્ધ થઇને પડેછે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ—જંગલ.

રાજ્યશીંહ— (સહીયર દુઃખ શું દાખવું) એ રાગ.

કેમ હજુ આવ્યો નહી, પ્યારો મારો આ વાર:
વાર થઇ બહુ તેહને, પીડે તૃસા અપાર. કેમ હજુ૦
વાયદો કરી મુજને ગયો, કહ્યું વેલો આવીશ;
શું થયું ને તું કયાં ગયો, ધીર કયમ ધરૂ ઇશ. કેમ હજુ૦
વાઘ વરૂ વનમાં બહુ, ચીતરા ને શીયાળ;
અજગર ફાલુ બીહામણા, પડે પેટમાં ફાળ. કેમ હજુ.

રાજ્યશીંહ— ગીતિ.

ફળફળાદિક લાવું, ભુખ્યો હશે બંધુ મારો પ્યારો;
પાણી લઇને આવે, ત્યારે જાએ શીરથી દુઃખ ભારો.

(ફળ વિણવા જાયછે)

પ્રવેશ ૪ થો.

સ્થળ—જંગલ.

જોગીઓ—(આવના તો પ્રાણીઆ ગુરૂ નામ ગાવના) રાગ.

આવો આવો સંતો ધુન મચાવો;
ભવજલસે તર જાવો, હરી ગુણ ગાવો હોજી;
જુઠી માયા જુઠી કાયા, જાયા જરૂર જનારા હોજી.
રામ નામકી ધુન લગાવો, ઝટ ઉતરો ભવપારરે સંતાહાં.ભવ.

એક ચેલો— સોરઠો.

પડ્યાહૈ યહ બેહાલ, સુધ્ય નહીહૈ સરીરકી;
ચડી ઇસકુ બિષ ઝાલ, ઊઠાડો ગુરૂ ઇનકુ.

(પાણી છાંટેછે એટલે ઊમંગસીંહ ઉઠેછે.)

ઊમંગશીંહ— (સુનો તુમ યાર પરદેશી) એ રાગ.

નમુંછું હું ગુરૂ તમને, ઉઠાડયો આજ પ્રભુજી મને;
દુઃખીછું ભ્રાત વિજોગી, દીસોછો આપ બડા યોગી.
કીધો ઉપકાર મુજને તો, થયો હું કૃતાર્થ દુઃખ ખોતાં;
બતાવો વાત આ વનની, સમાવો આગ આ તનની.

એક જોગી— ગીતી.

મારગ આ સુખદાઈ, ચાલ્યો જા સીધે રસ્તે અહીંથી;
આગળથી બદલાશે, ડાબે હાથે વળજે તું તહીંથી.

(જાયછે.)

પ્રવેશ ૫ મો.

સ્થળ—અરણ્ય.

ઊમંગશીંહ.— (દશા આ થઇ મારી) એ રાગ.

ગયો કયાં ભાઇરે મારો મળે કયાં તુજ સમ પ્યારો. ગયો.
પાણી લેવા હું ગયો, મુકીને આ ઠામ;
શું થયું ને તુ કયાં ગયો, ધારૂ કયમ હું હામ
નથી દુઃખનો હવે આરો કીધો પ્રભુ ભ્રાતથી ન્યારો. ગયો.
તુજ વિના હું એકલો, ઝુરી મરીશ આ ઠામ;
પ્યારો મુજને કયાં મળે, હાય હવે હો રામ.
પશુએ શું હણ્યો પ્યારો, થાયછે નષ્ટ વિચારો. ગયો (જાયછે.

પ્રવેસ ૬ ઠો.

સ્થળ—રૂમાવતીમાં રાજ્ય કચેરી.

ચંપકસેન— રાગ મેવાડો.

હું પુછું તમને પ્રધાનરે કહો રાજ્યનો હેવાલ.

રૈયત મારી કેવા પાત્રે, ન્યાય આવી હું દવાર,
નગરમાં સી રીતે ચાલે, પુછું તેનો પારરે. કહો, હું.
સંગીતશાળા પાઠશાળા ને, કન્યાશાળાનું કામ;
સૈના સરવે કેવી છે મારી, પુછું તમને તમામરે. કહો. હું.

પ્રધાન— **બનજારો.**

સુણો રાજ્યનું વર્ણન આજે, કહું સત્ય સુણો મહારાજ
નથી ચોર ચુગલ કે છીનારી, છે શીયળવંત સૌ નારીજી.
અતિ નીરભય આપનું રાજ, કહું સત્ય સુણો મહારાજ.

(એટલામાં ત્યાં ઉમંગશીંહ આવેછે)

ચંપકસેન— **ગીતી.**

કોણ તમે છો કયાંથી, આવ્યા મુજને સત્વર કહી દોને;
રાજકુંવર દીસોછો, ધામ તમારૂ સુખે અહીં રહોને.

ઉમંગશીંહ— (એતો નવ ઠીક કીધુંરી) એ રાગ.

છત્રી સુદ્ધ ક્ષત્રી પુત્ર હું, બજાવું ગજાવું નોકરી સાચી,
રાય પાસ રહી, છઉ સુધ્ય ક્ષત્રી પુત્ર હું.
દાખુ શુર કાપુ કુર નેક નામદાર હું,
હુકમ તુકમ હું ન ખોઉ, નેકથી વીવેકથી, હું રાય ખુશી થઉછું.

ચંપકસેન— **ગીતી.**

નોકરી તમને આપું, રહો ખુશીથી દરમાયો લઇને,
કામ કરો મરજીથી, ફરો ગામ સઘળામાં ખુશી થઇને.

(ત્યાં રાખે છે)

પ્રવેશ ૭ મો.

સ્થળ—અંબાજીનું મંદીર.

વીજયા-(ચાલો ચાલોરે(હાંહાંરે) સાહેલી આજ)એરાગ.

આવો આવોરે (હાંહાંરે) સખીઓ સૌ આજ ગરબા ગાવાને

આરાસુરીનું(હાંહાંરે) (૨)પુજન કરો બેન સુખીઆં થાવાને,
આરાસુર પટરાણીના સૌ, ગુણ ગાવો ઊમંગેરે;
દરશન કરીએ સુખિઆં થઇએ, હળીમળીને સૌ સંગે. ગરબા.
સાહેલીઓ—આશીશ એવી દઇએ તમને, મળજો કંથ સુજાણરે;
વીજયા—આશા પુરશે અંબીકાજી, કરશે કુશળ કલ્યાણ.ગરબા.
સર્વે— (નમું પદે ગીરજાપતિને) એ રાગ.

વંદન કરિએ વિનય થકી.
આશ પુરો અંબાજી સૌની આરાસુર પટરાણી,
નથી ગતિ ગુણ ગાવા તુજ માત નકી. વંદન કરીએ.
છીએ સર્વે નીરાધાર, તુછે અમારો આધાર,
ઊતારો આ ભવપાર, કરીએ વિનતી વારંવાર.
સુરવર મુનિવર ધ્યાન ધરે તુ જય જય અંબેબાળી.
નથી ગતિ ગુણગાવા તુજ માત નકી. વંદન કરીએ.
(એટલામાં ઊમંગશીંહ ત્યાં થઇને જાયછે.)

વીજયા— ગીતી.
ધાયલ મન થયું મારૂ, રૂપ જોતાં ગઈ બુધ અરે મારી;
કહું તાતને હું જઇ, કરે લગ્ન તો શાન્ત પડે કારી. (જાયછે)

અંક ત્રીજો.

પ્રવેશ ૧ લો.

સ્થળ—જંગલ.

લુટારા— (મોટા શેઠ સહુકાર) એ રાગ.
આવો આવો મારા યાર કરો લુંટીને ખુવાર,

થાવો સર્વે પૈસાદાર ખુશીથી.
હોય મોટા હુંશીયાર, સુરાઓના સરદાર,
એવાઓને મારો માર. ખુશીથી.
સરદાર—ખાઓ રોટલાને દાર, ખુશી થાઓને અપાર,
હું છું તમારો સરદાર. ખુશીથી.
માજીની છે મારા યાર, કૃપા અપરમપાર,
થાય સર્વે સુખકાર. ખુશીથી.
(એટલામાં રાજશીંહ પ્રવેશ કરેછે)
રાજશીંહ— સોરઠની ગજલ.
કેમ કરૂં હું આ અરણ્યમાં, મુને સુઝ કંઈ ના પડે ખરે;
મુજ માત ક્યાં અને તાત ક્યાં, વળી ભ્રાત ક્યાં હું અરણ્યમાં;
મુજ નાત ક્યાં, વળી રાજ્ય ક્યાં, બહુ ખેદ થાયછે મનમાં.
પ્રભુ મેળવો મુજ ભ્રાતને ઉતપાતને કરી દુરરે;
અતિ થાયછે દુઃખ દીલમાં, રે ઊમંગભાઇ ક્યાં મળે. કેમ૦
લુટારા— (પૈસા મારા વાલા ભાઇ.)
આવો મારા વાલા ભાઇરે (૨) ગયા અમે સહુ હરખાઇરે.
લુગડાં સારાં તમે પેર્યાંછે જાણે મોટા હોય રાજ,
તમને દેખીને ખુશી થયા સહુ થયાં અમારાં કાજ.–આવો ગયા.
(લુગડાં ઉતારીને કાઢી મુકેછે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ—રૂમાવતીની રાજ્યકચેરી.

ઊમંગશીંહ— ભેરવીની ગજલ.
પ્રભુ દયાનીધી અરે હરે તું સર્વ દુઃખને,

લગાર જો વીચાર માર તાર આપ સુખને. પ્રભુ૦
શેવકને સહાય થાય દુઃખ સર્વ દુર થાય.
તાપ ને ઉતાપ જાય થાય દિન સુખનો. પ્રભુ૦
હશે કયાં ભ્રાત માહરો પ્રભુ દયા ઉરે ધરો,
થયો હું ભ્રાતથી પરો રીઝો હવે પ્રભુ ખરે. પ્રભુ૦
(રાજા તથા પ્રધાન આવેછે.)

ચંપકસેન— **ગીતી.**

કેમ ઉદાશીમાં છો, શું દુઃખ તમને છે કહોને પ્યારા;
આંખ્યોમાં આંસુ છે, લાલ થઇ કહો સાચુ સમ મારા.

ઊમંગશીંહ—ભ્રાત વિજોગે કરીને, મ્લાન થયુંછે મુખ મારૂ આજ;
રાજ્ય હશે કયાં મારો, તેથી આંસુ આવે મહારાજ.
(એટલામાં વિજયા આવેછે.)

ચંપકસેન— **આશા ગોડી.**

કેમ અહીં તું આવી કહે બેની, કેમ અહીં તું આવી;
કામ શું પડીયું આજ સભા મહી, સત્વર દે તુ જણાવી. કહે.
ખાંત ધરૂછું સુણવાને હું, કહીશ ના વાત બનાવી. કહે.

વીજયા—(ધરો માથે (૨) મુગટ વીશાળ મતી)

સુણો બાપુ (૨) કહું વાત ચિતમાં ધરો મનસુખો કરો. સુણો.
ઉમંગશીંહની સાથે વરવું, જો ના કહોતો નીશ્ચે મરવું;
અવર પુરૂષ ભાઇ બાપ ખરો વાત ચીતમાં ધરો. સુણો.

ચંપકસેન— **ગીતી.**

ઇચ્છા થઇ તારી તો, મારા મુખથી નથી કહેવાતી ના;
શુભ મહુરત જોઇને, પરણાવું હું નીશ્ચે જા ખુસી થા.

ઉમંગશીંહને—જમાત્ર આજથી મારા, પરણાવું હું તમને
મુજ બાળા;

રાજ્ય તણા અધીકારી, બનાવું તમને દીવસ જોઇ સારા.
(જાયછે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ—રૂમાવતીની ભાગોળ.

રાજશીંહ— ગીતો.

સોધ કરીને થાકયો, કઇ નવ દીઠો બંધુ મારાને;
કયાં મળશે એ મુજને, કયાં ખોળું હું ઉમંગ મારાને.
(એટલામાં નગરના લોકો ગાતા ગાતા પ્રવેશ કરેછે)

સર્વે—(અનાથના નાથરે તને નમી નમી લાગું હું પાય.)

થાવો ખુશી આજરે, રાયપુત્રીનું લગ્નજ થાય. થાવો.
ઓછવ મંગળ સઘળે થાએ,
જાએ સરવ સમાજરે, રાય પુત્રીનું લગ્નજ આજ. થાવો.
સૌ જન સંગે, પ્રેય ઉમંગે, અતિ આનંદે, ફરીએ રંગે
ઉમંગશીંહ સાથરે, રાય પુત્રીનું લગ્નજ આજ. થાવો.
(જાયછે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ—રાણીવાસ.

વિજયા—(ગીરધારીરે વાત કહુંછું વીચારો) એ રાગ.

પીયુ પ્યારારે, મદનની આગ સમાવો;
આડું અવળું શુંભ માવો. ટેક.
કેમ મ્લાન થયું છે મુખડુંરે,

એવું શું પડ્યું છે દુઃખડું રે;
ઓ પ્યારા એ વાત મને સમજાવો. આડું૦

ઉમંગ— સુણ શાણીરે ભ્રાત મુને સાંભળીઓ,
તે માટે હું દુઃખ ભરીઓ,
થયા માત તાતથી ન્યારા;
વાલે વનમાં વિસાર્યા,
છે પ્યારીરે દુઃખ તણો શીર દરીઓ. તે માટે૦

વિજયા— ગીતી.

દીયેર છે શું દુઃખીઆ, ખોળ કરાવો બાળ મળે ત્યાંથી;
આજ્ઞા અસ્વારોને આપો, ખોળે આ ભુતળમાંથી.
(જાયછે.)

પ્રવેશ ૫ મો.

સ્થળ—રાજ કચેરી.

ચંપકસેન—(અરે અન્યાય આ રીતે કદાપી રાજ્ય૦
હવે હુંતો થયો ઘરડો, તમોને રાજ સોંપુંછું.
ચલાવોને ઉમંગેથી, તમોને કાજ સોંપુંછું.
કહું હું વેણુ તે પળજો, સરવની દાદ દિલ ધરજો;
વીચારી વેણુ આચરજો, હવે હું તાજ સોંપુંછું.
(રાજ્ય સોંપી અરણ્યમાં તપ કરવા જાયછે.)

અવેસ ૬ ઠો.

સ્થળ—રસ્તો.

રાજશીંહ— **ગીતી.**

ભાળ મળી છે ભઇની, રૂમાવતીનું રાજ કરેછે એ;
માટે ખોળી કહાડું, મળું ભ્રાતને સત્વર હું જઇને.

(જાયછે.)

પ્રવેશ. ૭ મો.

સ્થળ—રાજ્ય કચેરી.

નેપથ્યમાં— **સોરઠો.**

ટળવળતો મુકી ભ્રાત, રૂમાવતીમાં જઇ વસ્યો;
આવ્યો મળવા માટ, માટે મારી ખબર લે.

(આ શબ્દ સાંભળીને ઉમંગશીંહ એકદમ ઊભો થાયછે.)

રાજશીંહ—(પ્રવેશ કરીને) **(દક્ષણી સાખી.)**

ભ્રાત પ્રણામ સ્વીકારો મારા, શોધ કરી અહીં આવ્યો;
વનમાં ભટકી બહુ દુઃખ પામ્યો, ઇશ્વર અહીયાં લાવ્યો.
માટે ચાલોને હાં સ્વદેશ ભણી જઇએ.

(બંને ભેટેછે.)

ઊમંગશીંહ—માત તાતને મળવા, માટે બંધુ સત્વર ચાલોને;
(પ્રધાન) હું આવું ત્યાં સુધી, રાજ્ય સોંપુંછું સુખે સમાલોને.

(જાય છે.)

પ્રવેશ ૮ મો.

સ્થળ—માળવામાં ઉદયશીંહની કચેરી.

ઉદયશીંહ—(ગયો કયાં મીત્ર મારો હાયરે પ્યારો) એ રાગ.

હશે કયાં પુત્ર મારા પ્રાણથી પ્યારા,
વિયોગી હું અરે છું પુત્ર મારાનો,
કીધા મેં બાળ મારા મુજથી ન્યારા. હશે કયાં.
બતાવે ભાળ મુજને કોઇ પ્યારાની,
બતાવે ત્યાં સુધી નહી દુ:ખના આરા. હશે કયાં.

પ્રતીહાર— (બાપુ સોંપો સુનેરે)

ખુશી થાવોને (૨) ખબર હું લાવ્યો પુત્રો આવ્યા નગ્રમાં;
આવે છે સાથે બે બંધુ, રેલ્યો આજે સુખનો સીંધુ,
મળી આ સર્વે પ્રભુને વંદુ, ખુશી થાવોને.

(રાજા હર્ષભેર ઉઠીને સામો જાયછે ને બધા ભેટેછે.)

સર્વેપાત્રો— રાગ કલ્યાણ.

શ્રી દ્વારકાંપતિ, આનંદ છે અતિ;
દાસને કૃપા કરી ઘો નીરમળી મતી. શ્રી
યથા શકતી આ ખેલ ભજવીએ જનરંનને માટ,
કરીએ વિનતી મળીએ મુક્તી સંકટ સૌનાં કાટ—શ્રી૦
ખેલ અવરમાં આપ પધારી, સજન પુરજો આશ.
વિનય ભાવથી કરે વિનતી, વિપ્ર ખુશાખીદાસ. શ્રી૦

સમાપ્ત.